RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily)

દૈનિક

prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 4 * Issue No. 126 *Date: 07.03.2018 * Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વિવિધતા

### ગુરૂગ્રામની હોટલના ટોયલેટમાં બાળકી ઉપર રેપ કરાયો

ગુરૂગ્રામ,તા.૬

ગુરૂગ્રામના સેકટર ૧૫ ખાતે એક ખાનગી હોટલમાં રાત આયોજિત સમારોહમાં ચાર વર્ષની બાળકી પર રેપનો મામલો સામે આવ્યો છે.બાળકી રમત રમતા પુરૂષોના ટોયલેટમાં ચાલી ગઇ હતી. આરોપ છે કે ત્યાં હાજર ડીજેએ બાળકીને એકલી જોઇએ યૌન ઉત્પીજન કર્યું હતું. બહાર આવી માસુમે પિતાને આ અંગેની જાણ કરી હતી. પિતાની ફરિયાદ પર પોલીસે કેસ દાખલ કરી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કર્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર ક્રોસ રોડ હોટલમાં એક વેપારીના પુત્રનો લગ્ન સમારોહ હતાં પાર્ટીમાં પલવર નિવાસી રોહિત ડીજે આવ્યો હતો મોડી રાતે રોહિત ટોયલેટ ગયો હતો આ દરમિયાન પાર્ટીમાં આવેલ ચાર વર્ષની બાળળકી ભુલથી પુરૂષના ટોયલેટમાં પહોંચી હતી આરોપ છે કે બાળકીને એકલી જોઇએ રોહિતે તેનું યૌન ઉત્પીડન કર્યું બાળકીએ શોર કર્યો હતો આથી એક વ્યક્તિ અંદર આવ્યો હતો ત્યારબાદ આરોપીને પકડી માહિતી પોલીસને આપવામાં આવી હતી.સિવિલ લાઇન્સ પોલીસ સ્ટેશનના એસએચઓ નરેન્દ્રે જણાવ્યું હતું કે બાળકીના પિતાની ફરિયાદ પર પોકસો એકટ હેઠવ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. આરોપીને ધરપકડ કરી મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો અને તેને ન્યાયિક હિરાસતમાં ભોંડસી જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. ડીજે ઓપરેટરની ગંદી હરકત કર્યા બાદ બાળકી બાથરૂમથી બહાર આવી સીધી પિતાની પાસે ગઇ હતી અને પિતાને બૈંડ ટચની બાબતે જણાવ્યું હતું

### અમે સત્તામાં આવીશું તો શરાબબંધીથી જોડાયેલ મામલા પાછા લઈશું : રાજદ

પટણા,તા.૬

બિહારમાં ભલે વિધાનસભા ચુંટણીને અઢી વર્ષ બાકી હોય પરંતુ રાષ્ટ્રીય જનતા દળ અત્યારથી જ તે તમામ વચન આપી રહી છે જે તેમની સરકાર બને તો તેની પ્રાથમિકતા હશે.રાજદના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શિવાનંદ તિવારીએ વચન આપ્યું છે કે જો તેમની પાર્ટીની સરકાર આવી તો શરાબબંધીના તમામ મામલા પાછા લેવામાં આવશે. પટણામાં પત્રકારો સાથેની વાતચીતમાં તિવારીએ સ્પષ્ટ કર્યું કે આ મામલામાં મોટાભાગે ગરીબ,દલિત લોકો જેલમાં બંધ છે.આથી પાર્ટી તેમને રાહત આપવા માટે તમામ મામલા પાછા લેવામાં આવશે. રાજદ શરૂથી જ શરાબબંધીની વિરૂધ્ધ રહી છે અને તેનું માનવુ છે કે આ નિષ્ફળ થઇ ચુકી છે જાણકાર તેનું એક મોટુ કારણ શરાબનો ધંધામાં લાગેલ લોકોના રાજદ પ્રમુખ લાલુ યાદવથી નજીકના બતાવે છે.

### ટાટમ ગામે જતી જાનની ટ્રક બ્રીજ પરથી ૨૫ ફુટ નીચે પડી

# બોટાદ પાસે જાનૈયાઓની ટ્રક ખાબકતા ૩૨ના થયેલા મોત

## સમગ્ર રાજયમાં ઘેરા શોકની લાગણી : મૃત્યુ પામેલાઓમાં ૧૦ મહિલા અને ૫ માસુમ બાળકોનો સમાવેશ : ઈજાગ્રસ્તો પૈકી અનેકની હાલત હજુ ગંભીર

અમદાવાદ,તા. ૬

ગુજરાતના ભાવનગર જિલ્લામાં રંઘોળા ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા મોટી ખુવારી થતાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. ભાવનગર રાજકોટ હાઈવે પર આજે રંઘોળા ગામ પાસે જાનૈયાઓને જઇ રહેલી એક ટ્રક બ્રીજ પરથી નીચે નાળામાં ખાબકતાં વરરાજાના માતા-પિતા, ભાઇ-ભાભી અને દાદી સહિત કુલ ૩૨ જાનૈયાઓના મોત નીપજતાં સમગ્ર રાજયભરમાં ઘેરા શોક અને માતમનો માહોલ પથરાઇ ગયો હતો. પાલિતાણાના અનિડા ગામે રહેતા પ્રવીણભાઇ વાઘેલાના પુત્ર વિજયના લગ્ન માટે બોટાદના ટાટમ ગામે જાન જઇ રહી હતી એ દરમ્યાન જ ટ્રક બ્રીજ નીચેથી નાળામાં ખાબકી હતી, નાળામાં પાણી નહી હોવાથી ટ્રક નીચે પથ્થરોમાં જોરદાર ધડાકાભેર પછડાઇ હતી અને આ ગમખ્વાર અને ભલભલાના કાળજા કંપાવી દે તે પ્રકારના સર્જાયેલા અકસ્માતમાં બે બાળકો સહિત ૩૨ જાનૈયાઓ અકાળે કાળનો કોળિયો બની ગયા હતા અને ૩૫થી વધુ લોકોને વત્તા ઓછા અંશે ઇજા થઇ હતી. જાનૈયાઓ અને બંને પક્ષના કુંટુંબીજનો માટે મંગળવાર જાણે અમંગળ-વાર બની રહ્યો હતો. સમગ્ર દુર્ઘટનાની જોરદાર કરૂણતા તો એ હતી કે, આટલા મોટા અકસ્માત છતાં વરરાજા અને અન્ય લોકોને પરિવારજનોને મોતથી અજાણ રાખીને પણ બિલકુલ સાદગીથી છેલ્લી ઘડીયે લગ્ન સંપન્ન કરાયા હતા. આ ગોઝારા અકસ્માતને લઇ સમગ્ર રાજયમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઇ હતી. મુખ્યમંત્રીથી લઇ વડાપ્રધાન સહિતના મહાનુભાવોએ સમગ્ર દુર્ઘટના અંગે દિલસોજી વ્યકત કરી શોક સાંત્વના પાઠવી હતી. બીજીબાજુ, આ સમગ્ર અકસ્માત માટે જેની પર શંકાની સોંય ચીંધાઇ રહી છે, તે ટ્રક ડ્રાયવર ફરાર થઇ ગયો છે, જેથી પોલીસે તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ગુજરાત સહિત દેશભરમાં ભારે ચકચાર જગાવનાર આ ગોઝારા અકસ્માતની વિગતો એવી છે કે, ભાવનગરના પાલિતાણાના અનિડા ગામના વતની પ્રવીણભાઇ વાઘેલાના પુત્ર વિજયના લગ્ન માટે જાનૈયાઓને લઇ ટ્રક બોટાદ પાસેના ટાટમ ગામે જઇ રહી હતી ત્યારે આજે વહેલી સવારે ટ્રક ડ્રાઇવરે રંઘોળા ગામ પાસેના બ્રીજ પર વાહન પરનું નિયંત્રણ ગુમાવતા અચાનક જ આખી ટ્રક ૨૫ ફુટ ઉંચેથી નીચે નાળામાં ખાબકી હતી. નાળામાં પાણી નહી હોવાથી પથ્થરોવાળી જમીન હતી, જેથી ટ્રક પથ્થરોમાં ઉંધા માથે પડી હતી અને જાનૈયાઓ ટ્રકની નીચે દબાઇ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભયંકર ચીસાચીસ, કરૂણ આક્રંદ અને તરફડિયા મારતા જાનૈયાઓના દ્રશ્યો નજરે પડતા હતા. પુલ પરથી જતા લોકો અને અન્ય સ્થાનિક લોકોની નજર પડતાં બધા અકસ્માતગ્રસ્ત લોકોની વ્હારે દોડયા હતા. બીજીબાજ, ૧૦૮ને પણ બોલાવી લેવાઇ હતી પરંતુ મૃતકો અને ઘાયલોની સંખ્યા જોતાં પાંચ એમ્બ્યુલન્સ સહિત ૧૦થી વધુ વાહનો બોલાવવાની ફરજ પડી હતી અને તોય બચાવ કામગીરીને પહોંચી વળવુ કપરૂ બન્યું હતું. એકબીજાની મદદથી યેનકેન પ્રકારે ટ્રકની નીચે ફસાયેલા લોકોને એક પછી એક બહાર કાઢવા માંડયા હતા પરંતુ ટ્રક નીચે કેટલા લોકો ફસાયેલા છે, તેની કયાં કોઇને ખબર હતી. એક પછી એક લાશોના ઢગલા થતા ગયા, ૧૦ મહિલાઓ, ૧૧ પુરૂષો અને પાંચ બાળકો સહિત ૩૨ લોકોના કરૂણ મોત નીપજયા હતા. જયારે ૩૫થી વધુ લોકોને નાની, મોટી અને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઇજાગ્રસ્તોને ભાવનગરની સર ટી અને શિહોર તથા ટિંબી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આટલા મોટા અને ભયંકર ગોઝારા અકસ્માતને લઇ ગુજરાતથી લઇ દિલ્હી સુધી ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. રાજયના મુખ્યમંત્રીથી લઇ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુર્ઘટનાને લઇ આટલી મોટી સંખ્યામાં જાનહાનિ થઇ હોઇ હરકતમાં આવ્યા હતા અને મૃતકોના પરિવારજનોને દિલસોજી પાઠવી શોક સાંત્વના પાઠવ્યા હતા. ગોઝારા અકસ્માતની બીજીબાજુની કાળજા કંપાવી દે તેવી કરૂણતા એ હતી કે, એકબાજુ ટાટમ ગામે વરરાજા અને નવવધૂના લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી અને ત્યાં આ દુ:ખદ દુર્ઘટનાના સમાચાર પહોંચ્યા હતા પરંતુ ગરીબ પરિવારના સોહામણા અને નવલા અવસરને રીતિ રિવાજ મુજબ અટકાવી શકાય તેમ ના હોવાથી વરરાજાને સમગ્ર ઘટનાથી અજાણ રાખવામાં આવ્યા હતા અને બિલકુલ સાદગી અને શાંતિ વચ્ચે લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી. વરરાજાની નેક પૂછપરછ છતાં તેમને એમ કહેવાયું હતું કે, રસ્તામાં ટ્રક બગડી છે એટલે જાનને આવતાં મોડુ થાય તેમ છે. મૂર્હુત સાચવવાનું બહાનુ કરી આખરે તેમને પરણાવાયા હતા. નોંધનીય વાત તો એ છે કે, વરરાજા વિજયના લગ્નની સાથે સાથે તેની સાળીના પણ લગ્ન હતા અને તેની જાન બોટાદના શિયાનગરથી આવી ગઇ હતી. બંને બહેનોના આજે લગ્ન હતા અને ત્યારે એક બહેનના જાનૈયાઓને કાળ ભરખી જતાં સમગ્ર પંથકમાં શોકનો માતમ પથરાયો હતો. સૌ કોઇની આંખમાં આંસુ અને હૃદયમાં ભયંકર આઘાત અને દર્દ હતું છતાં લગ્ન પ્રસંગ સાચવવા ચહેરા પર તે બતાવવાનું ન હતું, આ દ્રશ્યો ભલભલાના કાળજા કંપાવી દેતા હતા. કન્યા પક્ષ દ્વારા જમવાનું તૈયાર કરાયું હોવા છતાં કોઇ જમવા સુધ્ધાં તૈયાર થયું ન હતું. શુભલગ્નના ચોઘડિયા વચ્ચે કાળનું કાળચક્ર ફરી વળવા છતાં માણસોએ ભારે હિંમત અને માનવતા દાખવી હતી, જેની પણ નોંધ લેવાઇ હતી. પ્રાપ્ત માહિતી મુજબ દુર્ઘટનાગ્રસ્ત ટ્રકમાં ૮૫થી પણ વધુ જાનૈયાઓ મુસાફરી કરી રહ્યા હતા.

### રૂપાણી સરકાર દ્વારા તમામ સહાયતાની જાહેરાત

## મૃતકોના પરિવારને ૪ લાખની સહાય આપવા માટેની ઘોષણા

### ખાનગી હોસ્પિટલોમાં સરકારી ખર્ચથી સારવાર આપવા માટેનો સરકાર દ્વારા હુકમ : તાકિદે સારવારની કાર્યવાહી

અમદાવાદ,તા. ૬

ભાવનગરના ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક ગંભીર માર્ગ અકસ્માતની ઘટનામાં ગુજરાત સરકારે તરત જ કાર્યવાહી હાથ ધરી છે. ગંભીરરીતે ઘાયલ થયેલાઓને તાત્કાલિક સારવાર મળે તથા જરૂર પડે ત્યારે ન્યુરોસર્જનથી માંડી અન્ય ખાનગી હોસ્પિટલોની પણ સેવા લઇને ઇજાગ્રસ્તોને બચાવવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પોતે સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહ્યા છે. બચાવ કામગીરી અંગે પણ માહિતી મેળવી રહ્યા છે. આ સમગ્ર ઘટના અંગે વિધાનસભા ગૃહમાં શૂન્યકાળ દરમિયાન ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ માહિતી આપી હતી. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી તાકિદની કાર્યવાહી અંગે પણ વિગતો આપી હતી. ગૃહરાજયમંત્રી જાડેજાએ કહ્યું હતું કે, પાલિતાણાના અનેડા ગામથી જાનૈયાઓને લઇને ટ્રક બોટાદ તરફ જઇ રહી હતી ત્યારે ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક વહેલી પરોઢે પુલપરથી ટ્રક નીચે ખાબકી ગઈ હતી. માથાના અને છાતીના ભાગે ગંભીર ઇજા થવાથી ૨૬ના ઘટનાસ્થળે જ મોત થયા હતા જયારે ચારના સારવાર દરમિયાન મોત થયા હતા. મૃતકોમાં ૧૮ પુરુષ, આઠથી વધુ મહિલા, ચાર બાળકોનો સમાવેશ થાય છે. મૃતકોના પીએમની કાર્યવાહી ભાવનગરની સરટી હોસ્પિટલમાં હાથ ધરવામાં આવી છે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સમગ્ર દુર્ઘટના અંગે ભારે દુ:ખ અને શોક વ્યકત કરવાની સાથે સાથે રાજય સરકાર તરફથી મૃતકોના પરિવારજનોને રૂ.ચાર-ચાર લાખની સહાય આપવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ રાજયના મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આ સહાય આપવાની જાહેરાત કરી હતી. સાથે સાથે જેટલા લોકો આ ગોઝારા અકસ્માતમાં ઘાયલ થયા છે, તે તમામની સારવારનો ખર્ચ રાજય સરકાર ઉઠાવશે તેવી પણ જાહેરાત કરી હતી. બીજીબાજુ, સમગ્ર ઘટનામાં કસૂરવાર ડ્રાઇવર ફરાર હોઇ મુખ્યમંત્રીએ આ ગોઝારો અકસ્માત કેવી રીતે બન્યો અને તે માટે કોણ જવાબદાર છે તે સહિતની તમામ બાબતોની તપાસ માટે જરૂરી આદેશો પણ જારી કર્યા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ મુખ્યમંત્રી રૂપાણી સાથે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાતચીત કરી હતી અને મૃતકોના પરિજનોને સહાય અને ઇજાગ્રસ્તોને સારવાર સંબંધી જરૂરી સૂચનાઓ પણ મુખ્યમંત્રીને આપી હતી. વડાપ્રધાને ખુદ મૃતકના પરિવારજનોને શોક સાંત્વના પાઠવી હતી. તો, ભાજપના અન્ય નેતાઓ અને મંત્રીઓએ પણ મૃતકના પરિજનોને ભારે હૈયે દિલસોજી પાઠવી હતી. અકસ્માતમાં વરરાજાના પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે.

ભેજ અને કલર ચુનાથી છુટકારો...

ઈટાલીયન માર્બલ-પેસ્ટ ડિઝાઈનર્સ





● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમીકલ છે.

● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.

● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી.

● દર વર્ષે કરાવવું પડતું નથી, પાંચથી દસ વર્ષે આરામથી ચાલે છે.

માર્બલ પેસ્ટ દરેક ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ

મો. ૯૭૨૪૫ ૯૮૮૮૬, ૯૯૮૩૮ ૧૦૩૦૮

બિરલા પુટ્ટી, કલર, ઓઈલ પેઈન્ટનું કામ ઓર્ડર મુજબ કરી આપવામાં આવશે.




Green Card for USA by EB 5 investor visa

NEWS OF GANDHINAGAR (DAILY)

USA #EB5Visa #Greencard

Call / Whats up No 09824653073

### સવારના કારોબારમાં રિકવરી બાદ કારોબારના અંતે મોટો કડાકો

# સેંસેક્સ ૪૩૦ પોઈન્ટ ઘટીને ૩૩૩૧૭ની નીચી સપાટીએ

## શેરબજારમાં દિવસ દરમિયાન ભારે અફડાતફડીનો દોર રહ્યો : નિફ્ટી ૧૧૦ પોઈન્ટ ઘટીને બંધ : નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સ નીચી સપાટીએ પહોંચ્યો

મુંબઇ,તા. ૬

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. શરૂઆતી કારોબારમાં તેજી રહ્યા બાદ અંતે વેચવાલી અને અન્ય નકારાત્મક પરિબળો વચ્ચે મોટો કડાકો બોલી ગયો હતો. બીએસઈ સેંસેક્સ કારોબારના અંતે ૪૩૦ પોઇન્ટ ઘટીને ૩૩૩૧૭ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૧૧૦ પોઇન્ટ ઘટીને ૧૦૨૪૯ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સમાં નેશનલ સ્ટોક એક્સચેંજમાં બાવન સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી. ઇન્ડેક્સ ખુબ નીચી સપાટીએ પહોંચ્યો હતો. બેંક ઓફ ઇન્ડિયા, કેનેરા બેંક, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, અલ્હાબાદ બેંક, આંધ્ર બેંકમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ ઇન્ટ્રા ડેના કારોબાર દરમિયાન એનએસઈના બાવન સપ્તાહની નીચી સપાટીએ રહ્યો હતો. એશિયન શેરબજારમાં આજે રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ ઉપર લાદવામાં આવેલા ચાર્જને લઇને રાજકીય પક્ષો તરફથી દબાણનો સામનો કરી રહ્યા છે. આના કારણે ટ્રેડવોરની શક્યતા દેખાઈ રહી છે. જાપાની કારોબારમાં પાંચ દિવસથી ચાલતી મંદી ઉપર બ્રેક મુકાઈ હતી અને જાપાન નિક્કીમાં ૧.૮ ટકાનો ઉછાળો પાંચ મહિનાની નીચી સપાટીથી જોવા મળ્યો હતો. અમેરિકી શેરબજારમાં નોંધાયેલી તેજીની અસર સવારમાં જોવા મળી હતી. જો કે મોડેથી તમામ રિકવરી ખતમ થઇ હતી અને અંતે મોટો ઘટાડો ભારતીય શેરબજારમાં જોવા મળ્યો હતો. અમેરિકી ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજમાં ૩૩૬ પોઇન્ટનો અથવા તો ૧.૩૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. જેથી તેની સપાટી ૨૪૮૭૪ રહી હતી. આવી જ રીતે એસએન્ડપી ૫૦૦ ૨૯ પોઇન્ટ સુધરીને ૨૭૨૧ની સપાટી પર રહ્યો હતો. નાસ્ડેક કમ્પોઝિટમાં ૭૩ પોઇન્ટનો ઉછાળો રહ્યો હતો. આની સાથે જ તેની સપાટી ૭૩૩૦ નોંધાઇ હતી. ગયા બુધવારના દિવસે જારી કરાયેલા આંકડામાં વર્ષ ૨૦૧૭-૧૮ના ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ ૭.૨ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ના બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી દર ૬.૫ ટકા રહ્યો હતો. આ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક અને અન્ય વૈશ્વિક કારણોસર દેશનો જીડીપી ગ્રોથ રેટ ઓછો રહેવાનો અંદાજ હતો. જીડીપી જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં ૬.૩ ટકા સુધી રહ્યો હતો. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ૫.૭ ટકાની ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા બાદ જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં તેમાં ઉછાળો નોંધાયો હતો. તે પહેલા ૭.૫ ટકાનો આંકડો રહ્યો હતો. સાતમી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ અને નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ,બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. મોંઘવારી વધવાના છ કારણ પણ દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી હતી. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યા હતો.ગઇકાલે સોમવારના દિવસે બીએસઈ સેંસેક્સમાં ૩૦૦ પોઇન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૩૩૭૪૭ નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૯૯ પોઇન્ટ ઘટીને ૧૦૩૫૯ની સપાટીએ રહ્યો હતો.કારોબારી હાલ દિશાહિન થયેલા છે.

## ફોટોગેલેરી



### કોઈની સાથે ગઠબંધન કરવાનો પાર્ટીનો ઈન્કાર

# યુપી પેટાચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડશે

### બહુજન સમાજવાદી પાર્ટી અને સપાની વચ્ચે સમજુતીના હેવાલ બાદ કોંગ્રેસ દ્વારા પ્રતિક્રિયાઃ રાજકીય ગરમી વધી

નવી દિલ્હી,તા. ૬

એકબીજાના નક્કર હરિફ બહુજન સમાજપાર્ટી અને સમાજવાદી પાર્ટીએ ઉત્તરપ્રદેશની પેટાચૂંટણીમાં ગઠબંધન કરવાના હેવાલ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ મહત્વપૂર્ણ નિવેદન કરતા કહ્યુ છે કે તે કોઇની સાથે ગઠબંધન કરશે નહી. કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટતા કરી છે કે તેના પોતાના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પ્રમુખ રાજ બબ્બરે કહ્યુ છે કે કોંગ્રેસે ફુલપુર અને ગૌરખપુર સંસદીય સીટ માટે યોજાનાર ચૂંટણી માટે પહેલાથી જ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસ અન્ય કોઇ પાર્ટી સાથે ગઠબંધન કરનાર નથી. કોંગ્રેસ પાર્ટી અન્ય પાર્ટીઓ વચ્ચે સહમતિથી બનેલા ગઠબંધન સામે એકલા હાથે લડશે. રાજ બબ્બરે કહ્યુ હતુ કે તેઓ ઉત્તરપ્રદેશમાં પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે. પેટાચૂંટણીમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી સાથે હાથ મિલાવવામાં આવનાર નથી. તેમણે આ પ્રકારના હેવાલોને રદિયો આપ્યો હતો. સાથે સાથે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી ગરીબ લોકોનો અવાજ ઉઠાવનાર છે. ઉત્તર પ્રદેશની ગોરખપુર અને ફુલપુર લોકસભા પેટા ચૂંટણીને લઇને બંને પાર્ટીઓએ હાથ મિલાવી લીધા છે. આ ઉપરાંત રાજ્યસભા ચૂંટણીમાં પણ સમાજવાદી પાર્ટીના ઉમેદવારને સમર્થન આપવાની માયાવતીએ જાહેરાત કરી છે. ગોરખપુર અને ફુલપુર લોકસભા સીટ પર ૧૧મી માર્ચના દિવસે મતદાન યોજાશે. ૧૪મી માર્ચના દિવસે મતગણતરી થશે. બંને સીટો ભાજપ માટે મહત્વપૂર્ણ છે. કારણ કે, ગોરખપુરથી વર્તમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ફુલપુરમાંથી ડેપ્યુટી મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્ય સાંસદ હતા. આ બંનેના રાજીનામા બાદ બંને સીટો ખાલી થઇ હતી. હવે પેટાચૂંટણીને લઇને ચર્ચા છે. ભાજપને હાર આપવા માટે બહુજન સમાજ પાર્ટીએ તેના તીવ્ર વિરોધી સમાજવાદી પાર્ટીનો સાથ આપવાનો નિર્ણય કર્યો છે. અત્રે નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીની હાલત ખુબ જ કફોડી બનેલી છે. બંને પાર્ટીઓ ભાજપની સામે ફેંકાઈ ચુકી છે. ગોરખપુર અને ફુલપુર લોકસભા સીટ પર પેટા ચૂંટણીમાં બંને પાર્ટીએ હાથ મિલાવી લીધા છે.

## gujarati world

બૅન્કોનું રાષ્ટ્રીયકરણઃ અર્થકારણના નામે ઇંદિરા ગાંધીનું રાજકારણ

પંજાબ નેશનલ બૅન્કમાં મસમોટો ગોટાળો જાહેર થયા પછી બીજી કેટલીક બૅન્કોએ પણ પોતપોતાની ફરિયાદો સાથે સીબીઆઈના દરવાજા ખખડાવ્યા છે--અને બૅન્કોની એનપીએ (નૉન પરફૉર્મિંગ અસેટ્‌સ—સલવાઈ ગયેલી લોન)ના તોતિંગ આંકડા જોતાં, કેટલીય બૅન્કો હજુ ચૂમાઈને બેઠી હશે એમ લાગે છે. આખી પરિસ્થિતિમાં પ્રાથમિક ધોરણે દોષી ગણાતી કેટલીક બાબતોમાં એક છેઃ બૅન્કોનો 'સરકારી' (એટલે કે બિનઅસરકારક-રેઢિયાળ-ગુનાઈત ગાફેલિયત ધરાવતો) વહીવટ. ખાનગી બૅન્કો કંપનીઓની માલિકીની હોવાથી તે ચુસ્ત ધારાધોરણ ધરાવે છે. એટલે તેને આવા ફટકા પ્રમાણમાં ઘણા ઓછા પડે છે. પરંતુ સરકારી બૅન્કોમાં નોકરીની નિશ્ચિતતા, જવાબદારી બીજા પર ઢોળી શકવાની મોકળાશ અને છેવટે તો સરકાર માઈબાપ બેઠી જ છે, એવા આશ્વાસનને કારણે બધું નભી જાય છે.

સારી યાદશક્તિ અને નજીકના ભૂતકાળની થોડી જાણકારી ધરાવનારા કહે છે, 'ઇંદિરા ગાંધીએ બૅન્કોનું નેશનલાઈઝેશન (રાષ્ટ્રીયકરણ) કર્યું, એમાં આ બધી મોંકાણ ઉભી થઈ. બાકી, બૅન્કો હજુ ખાનગી માલિકીની હોત તો આવું ન થાત.' વર્તમાન સમસ્યા માટે ચાર દાયકા પહેલાં લેવાયેલા કોઈ પગલાને જવાબદાર ઠેરવવું અને વચ્ચેના સમયગાળાનાં પાત્રોને નિર્દોષ જાહેર કરી દેવાં, તે સાદી સમજદારીના અભાવનું લક્ષણ છે. પરંતુ હવે અસરકારક વહીવટ માટે બૅન્કોના રાષ્ટ્રીયકરણની ચર્ચા ફરી હવામાં છે (નાણાંમંત્રીએ જો કે તેનો સ્પષ્ટ ઇક્રાર કર્યો છે) ત્યારે ઇંદિરા ગાંધીએ લીધેલા એ પગલાની જાણકારી તાજી કરી લઈએ. ખાસ તો, એ સમજવા માટે કે અર્થતંત્રને લગતાં મહત્ત્વનાં પગલાં રાજકીય ગણતરીથી અને રાજકીય દાનતથી લેવામાં આવે, ત્યારે તેનાં કેવાં પરિણામ આવે છે--ચાહે તે રાષ્ટ્રીયકરણ હોય કે નોટબંધી.

આઝાદી પછી પહેલી વાર ૧૯૬૭ની ચૂંટણીઓમાં કૉંગ્રેસનું મજબૂત ધોવાણ થયું. ઇંદિરા ગાંધી વડાપ્રધાન હતાં, પણ તેમની સામે મોરારજી દેસાઈ અને કામરાજ જેવા જૂના જોગીઓને અસંતોષ હતો. ચૂંટણીમાં ધારી સફળતા ન મળવાને લીધે એ વિરોધ વધારે મજબૂત બન્યો. વડાપ્રધાન બનવા ઇચ્છતા મોરારજીભાઈને (અગાઉ એકમાત્ર વાર સરદાર પટેલને અપાયેલો) નાયબ વડાપ્રધાનનો હોદ્દો આપીને શાંત પાડવામાં આવ્યા. તેમની પાસે નાણાં મંત્રાલય પણ હતું.

વડાપ્રધાન તરીકે ઇંદિરા ગાંધીએ ૧૯૬૭માં પક્ષ સમક્ષ દસ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો. તેમાં બીજા હેતુઓ ઉપરાંત કેટલીક ખાનગી બૅન્કોના રાષ્ટ્રીયકરણની પણ વાત હતી. તેના જ વિસ્તારરૂપે ૧૧ જુલાઈ, ૧૯૬૯ના રોજ વર્કિંગ કમિટીની મિટિંગમાં ઇંદિરા ગાંધીએ એવી વાત મૂકી કે 'ટોચની પાંચ-છ બૅન્કોનું રાષ્ટ્રીયકરણ કરવું અથવા તેમને એવી સૂચના આપવી કે તેમના સંસાધનોનો મોટો હિસ્સો તેમણે જાહેર કાર્યો માટે અલગ રાખવો જોઈએ.' તેમાં બૅન્કોના રાષ્ટ્રીયકરણ માટેનો આગ્રહ ન હતો. કૉંગ્રેસમાં ડાબેરી ઝોક ધરાવતા નેતાઓ ઉપરાંત 'તરુણ તુર્ક' (Young Turk) તરીકે ઓળખાતા ચંદ્રશેખર, મોહન ધારિયા જેવા રાષ્ટ્રીયકરણના ટેકેદાર હતા, જ્યારે મોરારજીભાઈ સહિતના જમણેરી ઝોક ધરાવનારા તેના પ્રખર વિરોધી.

૧૯૬૭માં રજૂ થયેલી દરખાસ્તના વિરોધમાં, નાણાંમંત્રી તરીકે બોલતાં મોરારજીભાઈએ લોકસભામાં બૅન્કોના રાષ્ટ્રીયકરણનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે 'તેનાથી આર્થિક વિકાસ માટેનાં સંસાધનોની ખેંચ પડશે અને બાબુશાહીમાં વધારો થશે... મૂળભૂત સમસ્યાઓમાં કોઈ ફરક નહીં પડે.' ૧૯૬૮માં તેમણે બૅન્કિંગ લૉઝ (અમેન્ડમૅન્ટ) ઍક્ટ દ્વારા ખાનગી બૅન્કોના બૉર્ડ ઑફ ડાયરેક્ટર્સમાં બીજા ક્ષેત્રના લોકોને સામેલ કરવાની જોગવાઈ કરી અને દેશમાં કયાં ક્ષેત્રોને લોનની કેવી જરૂરિયાત છે તે તપાસવા માટે નેશનલ ક્રૅડિટ કાઉન્સિલની રચના કરી. પરંતુ ઇંદિરા ગાંધીને અર્થકારણ કરતાં રાજકારણની ચિંતા વધારે હતી.

રામચંદ્ર ગુહાએ તેમના વિખ્યાત સંશોધન ગ્રંથ 'ઇન્ડિયા આફ્ટર ગાંધી'માં નોંધ્યું છે તેમ, ઇંદિરા ગાંધીએ ૧૯૬૭ પહેલાં 'સોશિયલિસ્ટ' (સમાજવાદી) શબ્દનો ભાગ્યે જ પ્રયોગ કર્યો હશે, પરંતુ ચૂંટણી પછી અને ખાસ કરીને કૉંગ્રેસમાં જૂની નેતાગીરી તરફથી ઉભા થયેલા પડકારો પછી, તેમને નવી ઓળખની જરૂર વર્તાઈ. તેમને લાગ્યું કે અંગત સત્તા સામેની હરીફાઈને વિચારધારાકીય સ્વરૂપ આપીને એ લડાઈમાં હરીફોને પછાડી શકાય એમ છે. ૧૯૬૭ની ચૂંટણી પછી તેમણે સતત પોતાની ગરીબતરફી છબી ઉપસાવવાનું શરૂ કર્યું હતું. બૅન્કોનું રાષ્ટ્રીયકરણ અને દેશી રજવાડાંને અપાતાં સાલિયાણાંની નાબૂદી--આ બંને એવાં પગલાં હતાં, જેનાથી ઇંદિરા ગાંધી પોતાની છાપ નાટ્યાત્મક રીતે દૃઢ બનાવી શકે તેમ હતાં. ૧૧ જુલાઈ, ૧૯૬૯ના રોજ વર્કિંગ કમિટીમાં મુકાયેલી દરખાસ્તનો ઝડપી અમલ રાજકીય કારણોથી થયો. દરખાસ્ત સ્વીકારાયાના બીજા દિવસે, ૧૨ જુલાઈએ 'સિન્ડિકેટ'તરીકે ઓળખાતા જૂના કૉંગ્રેસીઓના જૂથે રાષ્ટ્રપતિપદ માટે નીલમ સંજીવ રેડ્ડીનું નામ ફાઈનલ કર્યું. (રાષ્ટ્રપતિ ઝાકિર હુસૈનનું ચાલુ કાર્યકાળ દરમિયાન અવસાન થતાં, રાષ્ટ્રપતિની ચૂંટણી આવી પડી હતી.) નામ નક્કી કરનારી સંસદીય સમિતિ પર ઇંદિરા ગાંધીનું નહીં, સિન્ડિકેટનું વર્ચસ્વ હતું. બીજી તરફ, સત્તા સ્થિર રાખવા માટે ઇંદિરા ગાંધીને રાષ્ટ્રપતિપદે પોતાનો ઉમેદવાર જરૂરી લાગ્યો. એટલે, તેમણે ૧૩ જુલાઈના રોજ ઉપરાષ્ટ્રપતિ --અને રાષ્ટ્રપતિના મૃત્યુ પછી કાર્યકારી રાષ્ટ્રપતિ-- વી.વી.ગીરીને અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા કર્યા (જેથી શિસ્તભંગનો આરોપ ન લાગે). પક્ષના સભ્યોને ઇંદિરા ગાંધીએ 'અંતરાત્માના અવાજ પ્રમાણે'મત આપવા કહ્યું. તેમનો ઈશારો સ્પષ્ટ હતોઃ મત પક્ષના ઉમેદવાર રેડ્ડીને નહીં, મારા ઉમેદવાર ગીરીને આપો.

સિન્ડિકેટ સાથે યુદ્ધનું સ્પષ્ટ એલાન કરતાં, ૧૬મી જુલાઈએ ઇંદિરા ગાંધીએ મોરારજીભાઈ પાસેથી નાણાં મંત્રાલય આંચકી લીધું અને ૧૯મી જુલાઈએ, પાંચ-છ નહીં, પણ ટોચની ૧૪ બૅન્કોના રાષ્ટ્રીયકરણની જાહેરાત કરી દીધી. ઑલ ઇન્ડિયા રેડિયો પર તેમણે કહ્યું કે મોટી બૅન્કો જાહેર માલિકીની હોવી જોઈએ. જેથી તે ફક્ત મોટા ઉદ્યોગપતિઓને લોનો આપવાને બદલે લાખો ખેડૂતો, કારીગરો અને સ્વરોજગાર મેળવતા લોકોને લોન આપી શકે. એ નિર્ણયને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો. અદાલતે વાંધાને માન્ય રાખ્યો, પણ સરવાળે રાષ્ટ્રપતિના વટહુકમ અને સંસદમાં બહાલી પછી ઇંદિરા ગાંધીનું ધાર્યું થઈને રહ્યું.

જનસામાન્યમાં આ પગલું ભારે લોકપ્રિય બન્યું. જાણીતા લેખક ખ્વાજા અહમદ અબ્બાસે તેમના પુસ્તક 'ધેટ વુમન'માં નોંધ્યું છે તેમ, આ જાહેરાત પછી કામદારો, કર્મચારીઓ, રીક્ષાચાલકો, સ્કૂટચરચાલકો, કારીગરો, વિદ્યાર્થીઓ અને આવા અનેક લોકોએ રાષ્ટ્રીયકરણના તથા ઇંદિરા ગાંધીની કથિત ગરીબતરફી નીતિના સમર્થનમાં સરઘસો કાઢ્યાં. પછીના વર્ષે ઇંદિરા ગાંધીએ વહેલી ચૂંટણીઓ જાહેર કરી દીધી અને 'ગરીબી હટાવો'ના નારા સાથે બૅન્કોના રાષ્ટ્રીયકરણના પગલાને પોતાના નક્કર ગરીબલક્ષી પગલા તરીકે ખપાવી દીધું.

બૅન્કોના રાષ્ટ્રીયકરણથી બેશક વધુ લોકો સુધી બૅન્કની સેવાઓ પહોંચી. ૧,૧૦૦ નવી શાખાઓ ખુલી, લઘુઉદ્યોગો અને ખેતીના મળતા ધીરાણની ટકાવારી સાવ મામુલીમાંથી વધીને ૧૯૭૨માં ૨૬.૧ ટકાના અપૂરતા છતાં પહેલા કરતાં ઘણા વધારે દરે પહોંચી. આ હકીકતોને રાષ્ટ્રીયકરણના ફાયદા તરીકે ગણાવી શકાય. પરંતુ ઇંદિરા ગાંધીનો મુખ્ય આશય પોતાના રાજકીય ફાયદાનો હોવાથી તેમણે રાષ્ટ્રીયકરણ પછી બૅન્કોની કાર્યક્ષમતાને ચુસ્ત કરવા પર ધ્યાન આપ્યું નહીં. પરિણામે, રાષ્ટ્રીયકૃત બૅન્કો ખાનગી બૅન્કો જેવી શિસ્ત અને કાર્યક્ષમતા આણી શકી નહીં.

(ઉર્વિશ કોઠારી)

# કાર્તિને મોટો ફટકો : તપાસ જારી રાખવા સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી,તા. ૬

પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમના પુત્ર અને બિઝનેસમેન કાર્તિ ચિદમ્બરમને આજે મોટો ફટકો પડ્યો હતો. આઇએનએક્સ મામલામાં કોઇ રાહત કાર્તિને ન મળતા કોંગ્રેસ પાર્ટીમાં પણ નિરાશા ફેલાઇ ગઇ છે. કાર્તિ સામે તપાસ જારી રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી ચલાવતી વેળા ઇડી અને સીબીઆઇને નોટીસ જારી કરીને કહ્યુ છે કે આ સંસ્થાઓ તપાસ જારી રાખી શકે છે. મામલામાં આગામી સુનાવણી નવમી માર્ચના દિવસે હાથ ધરવામાં આવનાર છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સંભવિત ધરપકડથી કાર્તિને કોઇ વચગાળાની રાહત આપવાનો સુપ્રીમ કોર્ટે ઇન્કાર કરી દીધો છે. જેથી હવે ઇડી દ્વારા પણ તેમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. કોઇ પણ એફઆઇઆરની નોંધણી વગર તેમની સામે ઇડીની કાર્યવાહીને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી કાર્તિની અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સહમત થઇ હતી. કાર્તિના વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમાં જોરદાર દલીલો કરી હતી. વચગાળાના રક્ષણની માંગ પણ રી હતી. કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે તેમની સીબીઆઇની કસ્ટડી પૂર્ણ થયા બાદ ઇડી દ્વારા તેમના અસલીને કસ્ટડીમાં લઇ શકે નહી. ચિદમ્બરમની નવેસરની અરજી ઉપર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આઈએનએક્સ મિડિયા કટકી કેસમાં ઇડી દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરવાની માંગ કરીને કાર્તિ દ્વારા અરજી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે અગાઉ ઇડી દ્વારા જારી કરવામાં આવેલા સમન્સ પર સ્ટે મુકવાનો ઇન્કાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ આ સંબંધમાં અરજી કરી શકે છે. કાર્તિ ચિદમ્બરમ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદથી સીબીઆઈની કસ્ટડીમાં છે. પહેલી માર્ચના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટના જજ સુનિલ રાણાએ પાંચ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો. કાર્તિ ચિદમ્બરમે ૧.૮ કરોડ રૂપિયા એક પ્રભાવશાળી રાજકીય હસ્તીના બેંક ખાતામાં જમા કર્યા હતા. સીબીઆઈએ આ કેસમાં તેની તપાસને વધુ તીવ્ર બનાવી છે. વકીલ અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય અભિષેક મનુ સિંઘવી કાર્તિ ચિદમ્બરમ તરફથી કેસ લડી રહ્યા છે.

# કાર્તિ ચિદમ્બરમ વધુ ૩ દિવસ કસ્ટડીમાં : સકંજો વધુ મજબૂત

નવી દિલ્હી,તા. ૬

આઇએનએક્સ મીડિયા કેસમાં લાંચ લેવાના મામલે આરોપી રહેલા કાર્તિ ચિદમ્બરમને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે કોર્ટે તેમની કસ્ટડીને વધુ ત્રણ દિવસ માટે વધારી દીધી છે. આ મામલે સીબીઆઇ અને કાર્તિના વકીલ તરફથી જોરદાર દલીલો કરવામાં આવી હતી. સીબીઆઇ દ્વારા કોર્ટ પાસેથી વધુ નવ દિવસના કસ્ટડીની માંગ કરી હતી. સીબીઆઇનુ કહેવુ છે કે તેમની પાસે આ મામલે કેટલાક નવા પુરાવા આવી ગયા છે. જેથી તેમની વધારે સઘન પુછપરછ માટેની જરૂર દેખાઇ રહી છે. તેમને વધારે સમયની પણ જરૂર દેખાઇ રહી છે. દિલ્હીની પટિયાળા હાઉસ કોર્ટમાં કાર્તિના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન તેમના પિતા અને પૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ પણ હાજર રહ્યા હતા. સીબીઆઇનો આરોપ છે કે કાર્તિ તપાસમાં બિલકુલ સહકાર કરી રહ્યા નથી. એડિશનલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં કહ્યુ હતુ કે આરોપીના મોબાઇલને સીજ કરવામાં આવ્યો છે. તેમની પાસેથી પાસવર્ડ માંગવામાં આવતા પાસવર્ડ આપવાનો ઇન્કાર કરી દેવામાં આવ્યો હતો અને ગુ ટુ હેલ કહેવામાં આવ્યુ હતુ. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઇની દલીલોને કાપતા કહ્યુ હતુ કે તેમના અસીલ મૌન રહી રહ્યા છે તેનો અર્થ તેઓ દોષિત છે તે નથી. તપાસમાં સહકાર કરી રહ્યા નથી તેવા આક્ષેપ આધારવગરના છે. સીબીઆઇએ કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીની હાલમાં પુછપરછ કરવામાં આવી રહી છે. સીબીઆઇએ કહ્યુ હતુ કે આ મામલે તપાસ સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ પુરાવા હાથ લાગ્યા છે. જેથી કાર્તિની પુછપરછ જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં કાર્તિની રિમાન્ડ વધારવા માટે સીબીઆઈ દ્વારા દલીલો કરવામાં આવી હતી. તેમના કેસને આગળ વધારી રહેલા વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, કોર્ટમાં કાર્તિને પોતાના માતા-પિતાને મળવા માટે ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, આજે સુપ્રીમ કોર્ટમાં પણ કાર્તિના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં સુપ્રીમ કોર્ટ તરફથી કોઇપણ રાહત કાર્તિને મળી નથી. કાર્તિ ચિદમ્બરમ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદથી સીબીઆઈની કસ્ટડીમાં છે. પહેલી માર્ચના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટના જજ સુનિલ રાણાએ પાંચ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો. કાર્તિ ચિદમ્બરમે ૧.૮ કરોડ રૂપિયા એક પ્રભાવશાળી રાજકીય હસ્તીના બેંક ખાતામાં જમા કર્યા હતા. સીબીઆઈએ આ કેસમાં તેની તપાસને વધુ તીવ્ર બનાવી છે. વકીલ અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય અભિષેક મનુ સિંઘવી કાર્તિ ચિદમ્બરમ તરફથી કેસ લડી રહ્યા છે. આઈએનએક્સ મિડિયામાં વિદેશી મૂડીરોકાણને મંજુરી મળવાના મામલામાં કાર્તિ ચિદમ્બરમ સાથે મિલીભગતના મામલામાં ઇડી દ્વારા હવે ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના ભૂતપૂર્વ સભ્યોની પણ પુછપરછ કરવામાં આવનાર છે. આ પગલાના કારણે યુપીએ સરકારના ગાળા દરમિયાન અધિકારીઓની પુછપરછ પણ થનાર છે. ઇડી અને સીબીઆઈ દ્વારા વધુને વધુ તપાસ આગળ વધારવામાં આવી રહી છે. કાર્તિના વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે, તપાસ સંસ્થાએ કોઇપણ કારણ આપ્યા નથી પરંતુ પુછપરછ વેળા એક જ પ્રકારના મૌખિક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. નવ દિવસની સીબીઆઈ દ્વારા કરવામાં આવેલી માંગ બાદ ૯મી માર્ચ સુધી કસ્ટડી મળી ગઈ છે. સિંઘવીએ દલીલ કરી હતી કે, સીબીઆઈએ વધુ રિમાન્ડ માટે તેમની અરજીમાં કોઇપણ આધાર અથવા તો એક પણ લેખિત કારણ આપ્યા નથી. કાર્તિ ચિદમ્બરમે છેલ્લા પાંચ દિવસમાં બે કલાક લાંબી પુછપરછ વેળા ઇન્દ્રાણી મુખર્જી સાથે ૨૫ મિનિટ વાતચીત કરી છે. વધુ કસ્ટડીની જરૂર દેખાઈ રહી નથી. કાર્તિ પહેલી માર્ચથી સીબીઆઈની કસ્ટડીમાં છે. તપાસ સંસ્થાની રજૂઆત છે કે, લંડનની તેમની યાત્રા બાદ પરત આવ્યા પછી તેમની સામે પુરાવા હોવાના લીધે ધરપકડ કરાઈ હતી. રવિવારના દિવસે ઇન્દ્રાણી અને કાર્તિને મુંબઈની ભાઇકુલ્લા જેલમાં સામ સામે બેસાડીને પુછપરછ કરવામાં આવી હતી. ઇન્દ્રાણીએ તમામ પ્રશ્નોના જવાબ શાંતિપૂર્વક આપ્યા હતા. પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમ અને ત્યારબાદ કાર્તિ સાથે પોતાની બેઠક અંગે પણ માહિતી આપી હતી.



...સૌરાષ્ટ્રના ઈતિહાસનો સૌથી ગંભીર અકસ્માત...રાજકોટ ભાવનગર હાઈવે પર રંઘોળાના પુલ પરથી જાન ભરેલો ખટારો નિચે ખાબકતા ૩૫ જેટલા જાનૈયાઓ ના સ્થળ પરજ કરૂણ મૃત્યુ...અનેક ગંભીર...ભગવાન તેમની આત્માને શાંતિ આપે...ૐ શાંતિ.શાંતિ.

### ચિદમ્બરમ સુધી તપાસ પહોંચાવના સ્પષ્ટ સંકેત

# કાર્તિ કેસમાં નાણાં મંત્રાલયના અધિકારીઓની પુછપરછ થશે

### ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના પૂર્વ સભ્યોની ટુંકમાં પુછપરછ :કાર્તિની કસ્ટડીમાં પુછપરછનો દોર હજુ જારી

નવી દિલ્હી,તા. ૬

આઈએનએક્સ મીડિયામાં વિદેશી રોકાણને મંજુરી આપવાના મામલે કાર્તિ ચિદમ્બરમ સાથે સાંઠગાઠના મામલે એન્ફોર્સમેનટ ડિરેક્ટોરેટ દ્વારા ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના પૂર્વ સભ્યોની પુછપરછ કરવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. આની સાથે જ તપાસ હવે ધીમી ગતિથી પૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ સુધી પહોંચી રહી છે. બીજી બાજુ કાર્તિની જ્યુડિશિયલ કસ્ટડીમાં પુછપરછનો દોર હાલમાં સતત ચાલી રહ્યો છે. આ પગલાથી તપાસ હવે યુપીએ સરકારના ગાળા દરમિયાન નાણાં મંત્રાલયની કામગીરીમાં ધ્યાન આપનાર છે. ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડને ગયા વર્ષે વિખેરી નાંખવામાં આવ્યા બાદથી અનેક અટકળો ચાલી રહી છે. આર્થિક મામલાના વિભાગના સચિન તેના પ્રમુખ રહેતા હતા. એફઆઈપીબીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન, વાણિજ્ય અને વિદેશ મંત્રાલયનુ પ્રતિનિધીત્વ પણ રહેતુ હતુ. કાર્તિની સામે ચાલી રહેલી તપાસથી વાકેફ રહેલા સુત્રોએ કહ્યુ છે કે અડધા ડઝનથી વધારે અધિકારીઓને નોટીસ ફટકારવામાં આવી છે. જે અધિકારીઓ એ વખતે એફઆઈપીબી સાથે જોડાયેલા હતા તે અધિકારીઓને નોટીસ ફટકારવામાં આવી છે. એ વખતે જ આઈએનએક્સ મિડિયામાં વિદેશી રોકાણને મંજુરી આપવામાં આવી હતી. એક અધિકારીએ કહ્યુ છે કે તપાસ સંસ્થાઓએ ઈન્દ્રાણી અને પીટર મુખર્જીની કંપની આઈએનએક્સ મિડિયાને મળેલી મંજુરીના મામલે ઉંડી તપાસ કર્યા બાદ અધિકારીઓને નોટીસ ફટકારી છે. તે પહેલા કાર્તિના વકીલે કહ્યુ હતુ કે એજન્સીઓ એફઆઈપીબીના અધિકારીઓની પુછપરછ કરી રહી નથી. એફઆઈઆરમાં વણઓખાયેલા મેમ્બરો અને નાણાં મંત્રાલયના અધિકારીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાર્તિના પિતા અને પૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ પર પણ સકંજો જમાવવા માટેની તૈયારી થઇ રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાન ચિદમ્બરમના પુત્ર કાર્તિની સીબીઆઇ દ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ ધરપકડ કરાઇ હતી. આઈએનએક્સ મિડિયા કેસમાં આરોપી કાર્તિ ચિદમ્બરમની હાલમાં કલાકો પુછપરછ કરવામાં આવી હતી.

સીબીઆઈની ટુકડી તેમને પુછપરછ કરવા માટે લઈને મુંબઈ પહોંચી હતી જયાં સીબીઆઈના અધિકારીઓએ તપાસની હદ વધારીને કાર્તિ અને આઈએનએક્સ મિડિયાના ડિરેક્ટર પીટર અને ઈન્દ્રાણીની સાથે બેસાડીને પુછપરછ કરી હતી. સીબીઆઈ કાર્તિને લઈને મુંબઇના ભાઈકુલ્લા વિસ્તારમાં પહોંચી હતી જયાં જેલમાં લઇ ગયા બાદ ઈન્દ્રાણીને આમને સામને બેસાડીને પુછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્તિને આર્થર રોડ જેલમાં પણ લઇ જવામાં આવ્યા હતા. જયાં પીટરને રાખવામાં આવ્યો છે.

સીબીઆઇ બાદ હવે ઈડી પણ તપાસ વધારે તીવ્ર બનાવી રહી છે. કાર્તિના મામલે ઈડી અને સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. બીજી બાજુ પુછપરછ હાલમાં કરવામાં આવ્યા બાદ કાર્તિએ કહ્યુ હતુ કે કોઇ ખોટુ કામ કરવામાં આવ્યુ નથી. રાજકીય દ્વેશભાવથી તેમની સામે તપાસ ચાલી રહી છે. બીજી બાજુ કોંગ્રેસના નેતાઓ પણ આ મામલે ભાજપ સરકાર પર પ્રહારો કરી રહ્યા છે.

# ગુજરાત ના ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ નો સૌથી વિકરાળ ભ્રષ્ટાચાર

દૂધમાં થી ફેટ..મુળભુત તત્વ કાઢી લીધા પછી ફરી તેમાં ફર્ટિલિટી હાઈડ્રો કેમિકલ્સ નાખી દુધને વધારે ફેટનું બનાવીને પેકીંગ કરીને આખા ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મુંબઈ અને દિલ્હીમાં વેચાય છે...

બધી મોટી ડેરીઓમાં ટેક્રરો ભરીને રોજે રોજ કેમિકલ્સ પુરવઠો જાય છે. ગુજરાતમાં દૂધમાં ફેટ બનાવવા વપરાતા કેમિકલ્સનો ગેરકાયદેસરનો મહિને ૩૦૦ કરોડનો વેપાર છે..કુલ પાંચ માણસો કેમિકલ્સ સપ્લાય કરે છે. પેકીંગ દુધ અને ઘી વાપરવાથી હાડકાનો માવો બનતો બંધ થઈ જાય છે, ગુજરાતના દરેક નાના મોટા શહેરોમાં વપરાતી, જથ્થાબંધ બનતી, સુવિખ્યાત મીઠાઈવાળાઓની દુધમાંથી બધી મિઠાઈઓ રાસાયણિક દુધ અને નકલી માવાઓની બનેલી છે. ગુજરાતમાં જેટલા દુધાળા પશુ નથી તેનાથી બમણું તો દુધ વપરાય છે, દુધ વપરાય છે તેના પ્રમાણે ચાર ગણુ ઘી વપરાય છે, અમુક ડેરીઓ તો આઇસક્રીમ, ચોકલેટ, પાઉડર પણ બનાવે છે, ચા, કોફી, દહીં, છાશ, એમ સીધી દુધની બનાવટોમાં પુરૂ થાય એટલુ દુધ માંડ પેદા થાય છે. ગુજરાતના ફુડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટનો સૌથી વિકરાળ ભ્રષ્ટાચાર. ફેટ પેદા કરવા, ઘી બનાવવા, માવા બનાવવાના રસાયણો વેચનારા લોકો અબજોપતિ બની ગયા છે.

ગુજરાતમાં દુધની દરેક બનાવટોમાં, દુધ, દહીં, માવા, મિઠાઈ, આઇસક્રીમ, લસ્સી, મીક્સ બરફી બનાવતા ઉત્પાદકોને મુંબઈની જર્મન ટેકનોલોજીની કામાણી કંપની ફેટ પ્રોસેસિંગ તેલ અને વનસ્પતિ ઘી સપ્લાય કરે છે, વિશ્વકક્ષાએ પ્રમાણિત છે, પણ દુધની બનાવટોમાં તેનો સંપૂર્ણ ઉપયોગ કરી કરોડો લોકોના સ્વાસ્થય સાથે રોગો, બિમારીઓ પેદા કરવાનો ખુની ખેલ સમગ્ર ભારતમાં ખેલાય રહ્યો છે, જેમાં દવા બનાવતી ફાર્મસીઓ અને રાજ્ય સરકારના ફુડ * ડ્રગ્સ વિભાગ, આરોગ્ય વિભાગ અને સરકારી તંત્રાનો મહાકાય ભ્રષ્ટાચાર સામેલ છે. દરેક વ્યક્તિનું જીવન અમુલ્ય છે, દુધ ઉત્પાદન અને સંપાદન કરતી ડેરીઓ, સંઘો, તબેલાવાળાઓ, રાજકારણીઓ, અને આઇસક્રીમ બનાવતી કંપનીઓ વસતી ઘટાડાના આ મહાઅભિયાનમાં જોડાયેલા છે, દુધમાંથી ફેટ-મલાઈ (કેલ્શિયમ) કાઢી લીધા પછી ફરી એટલું જ ફેટ ઉત્પન્ન કરવા માટે વપરાતા ખતરનાક રસાયણોનો માસિક ૩૦૦ કરોડનો ગેરકાનૂની ધંધો બેફામ ચાલી રહ્યો છે, પીલેલુ, અને કોથળીઓમાં પેકિંગ થયેલા દુધમાં ફેટનું પ્રમાણ જાળવવા હાઇડ્રોજેનેટ વેજીટેબલ ફેટ વપરાય છે અને દુધના ટેક્રરો દ્વારા રાત્રે દરેક મોટી ડેરીઓમાં ઠલવાય છે, ગુજરાતની તમામ જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે, બજારમાં વેચાતા દરેક આઈસ્ક્રીમ, લસ્સી, દુધની મિઠાઇઓનો સંદતર વપરાશ બંધ કરજો અને દોવાયેલુ દુધ સીધુ મળતુ હોય તો પેકેજીંગ દુધનો વપરાશ પણ કાયમી ધોરણે બંધ કરજો, કોઈપણ કંપનીના આઇસક્રીમને ખુલ્લામાં મુકી ઓગળી જવા દેજો અને જે ફીણ વધે તે જરા જાતે ચકાસજો. આ પોસ્ટ જાહેર હિતમાં પ્રસારિત કરવામાં આવી છે તો whatsapp, facebook, જેવા તમામ માધ્યમો દ્વારા દરેક નાગરીક સુધી પહોચાડવા નમ્ર અપીલ છે.

### સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ દ્વારા સમન્સ જારી કરાયા

# પીએનબી ફ્રોડ : ચંદા કોચર, શીખા શર્માની સામે આખરે નોટિસ જારી

નવી દિલ્હી,તા. ૬

પંજાબ નેશનલ બેંક ફ્રોડ મામલામાં તપાસ ઝડપથી આગળ વધી રહી છે. હવે સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસે આઈસીઆઈસીઆઈ બેંકના સીએમડી ચંદા કોચર અને એક્સિસ બેંકની શીખા શર્માને નોટિસ ફટકારી છે. સુત્રોના કહેવા મુજબ ૩૧ બેંકોના કન્સોર્ટિયમે હિરા કારોબારી નિરવ મોદી અને મેહુલ ચોક્સીના ગીતાંજલિ ગ્રુપને ૫૨૮૦ કરોડ રૂપિયાની વર્કિંગ કેપિટલ ફેસિલિટી આપી હતી. આ દરમિયાન પીએનબી ફ્રોડ કેસમાં સીબીઆઈએ ગીતાંજલિ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ (બેંકિંગ ઓપરેશન) વિપુલ ચિતાલિયાને કસ્ટડીમાં લઈ લીધા છે. સુત્રોના કહેવા મુજબ તેમને પુછપરછ માટે લઇ જવામાં આવ્યા છે. સિરિયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસે આ મામલામાં પહેલાથી જ પીએનબીને નોટિસ જારી કરી હતી. હવે એજન્સીએ કેટલીક બેંકો પાસેથી પણ આ સંદર્ભમાં જવાબની માંગ કરી છે. સુત્રોના કહેવા મુજબ આઈસીઆઈસીઆઈ બેંકે ૪૫૦ કરોડ રૂપિયાની લોન ગીતાંજલિ ગ્રુપને આપી હતી. આ ઉપરાંત એક્સિસ બેંકે પણ મોટી રકમ આ ગ્રુપને આપી હતી. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સિરિયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ તરફથી ચંદા કોચર અને શીખા શર્માને સમન્સ જારી કરવામાં આવ્યા બાદ તેમની પુછપરછ પણ થઇ શકે છે. સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસનું કહેવું છે કે, બુધવારના દિવસે પીએનબીના એમડી સુનિલ મહેતા સામે પણ સમન્સ જારી કરવામાં આવ્યું હતું. કોર્પોરેટ મંત્રાલય હેઠળ આવનાર સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસનું કામ કારોબારી ક્ષેત્રમાં થતી છેતરપિંડીમાં તપાસ કરવાનું હોય છે. આ ઓફિસને એવી શંકા છે કે, નિરવ મોદી અને મેહુલ ચોક્સીએ દેશભરમાં આશરે ૪૦૦ સેલ કંપનીઓ ઉભી કરી હતી જેમાં દેશભરમાં બોગસ ડિરેક્ટર તરીકે અધિકારીઓ કામ કરી રહ્યા હતા. આના મારફતે જંગી રકમને દેશથી બહાર મોકલવામાં આવી હતી. પંજાબ નેશનલ બેંક કૌભાંડના મામલામાં છેતરપિંડી ખુલ્લા બાદ એક પછી એક વિગતો સપાટી ઉપર આવી રહી છે. ૧૧૩૦૦ કરોડથી વધુના આ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઈ, આવકવેરા સહિતની તપાસ સંસ્થાઓ ઉંડી તપાસ કરી રહી છે. મેહુલ ચોક્સી અને નિરવ મોદીની સંપત્તિ જપ્ત કરવામાં આવી રહી છે. તેમની અબજોની સંપત્તિ પહેલાથી જ જપ્ત કરવામાં આવી છે. પાસપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

### અન્નપૂર્ણા યોજના અંતર્ગત નવા ૫૧ સેન્ટર શરુ કરાશે

અમદાવાદ, તા.૦૬

રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી અન્નપૂર્ણા યોજનાના નવા ૫૧ સેન્ટર શરુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નવા ૫૧ સેન્ટર રાજ્યના અલગ અલગ શહેરોમાં શરુ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા શ્રમિકોને રાહત દરે સારુ ભોજન મળી રહે તે માટે માં અન્નપૂર્ણા યોજના ચલાવવામાં આવે છે, જેમાં શ્રમિકોને ૧૦ રૂપિયામાં ભોજન આપવામાં આવે છે. ત્યારે આજે બજેટ પરની ચર્ચા દરમિયાન વન મંત્રી ગણપત વસાવાએ જણાવ્યુ હતું કે, રાજ્ય સરકાર માં અન્નપૂર્ણા યોજના અંતર્ગત નવા ૫૧ સેન્ટરો શરુ કરશે.

### કોંગ્રેસે પણ પોતાની રણનિતી તૈયાર કરી લીધી

# રાજ્યસભા ચૂંટણી : આક્રમક નેતાને ટિકિટો આપવા તૈયારી

નવી દિલ્હી,તા. ૬

રાજ્યસભાની ૫૫ સીટોને લઈને યોજાનાર ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટીએ પોતાની રણનિતી પર કામગીરી શરૂ કરી દીધી છે. કોંગ્રેસ પાર્ટીની નજર તેની ખાલી થઈ રહેલી ૧૩ સીટો પર કેન્દ્રિત થઈ ગઈ છે. ચોક્કસપણે આ ચૂંટણી બાદ કોંગ્રેસનુ સંખ્યાબળ ઘટનાર છે પરંતુ તે તમામ તાકાત લગાવી રહી છે. જે સીટો પર તેની વાપસીની આશા છે તે સીટો પર આક્રમક નેતાઓને મેદાનમાં ઉતારી દેવાની તૈયારી કરી દીધી છે. સુત્રોએ કહ્યુ છે કે આ વખતે નિવૃત થઈ રહેલા કેટલાક ચહેરામાંથી કોંગ્રેસ એવા લોકોને ફરી તક આપવા માંગે છે જે પાર્ટી માટે ઉપયોગી હોવાની સાથે સાથે સાધન સંપન્ન પણ હોય. એમ કહેવામાં આવે છે કે પ્રમોદ તિવારી, રાજીવ શુક્લા, અભિષેક મનુ સિંઘવીને ફરી તક આપવામાં આવી શકે છે. ચર્ચા છે કે ગુજરાતમાંથી સૈમ પિત્રોદાને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. બીજી બાજુ પૂર્વ સીએલપી નેતા શક્તિસિંહ ગોહિલનુ નામ પણ ચર્ચામાં છે. ગુજરાતમાંથી રાજસ્થાનના પૂર્વ મુખ્યપ્રધાન અને ગુજરાતના પ્રભારી અશોક ગહલોતને પણ મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. મહારાષ્ટ્રમાંથી રજનિ પાટિલ ને મિલિન્દ દેવડાના નામની પણ ચર્ચા છે. સિંઘવી રાજસ્થાનતી વાપસી કરી શકે છે. જ્યારે ઝારખંડમાંથી કોઇ મોટા માથાને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે.કોંગ્રેસના જે નેતાઓ નિવૃત થઇ રહ્યા છે કે તેમાં પ્રમોદ તિવારી, રેણુકા ચોધરી, સત્યવ્રત ચતુર્વેદી, અભિષેક મનુ સિંઘવી, રાજીવ શુક્લા, કે. ચિરંજીવી, પ્રદીપ કુમાર, કે રહેમાન ખાન, નરેન્દ્ર બુધાનિયા, આનંદ ભાસ્કર રાપોલુ, રજની પાટિલ, શાદીલાલ બતરા અને મહેન્દ્રસિંહ મહરાનો સમાવેશ થાય છે. સુત્રોના કહેવા મુજબ કર્ણાટકમાં કોંગ્રેસની જેડીએસની સાથે અને પશ્ચિમ બંગાળમાં સીપીએમની સાથે વાતચીત ચાલી રહી છે. કર્ણાટકમાં કુલ ચાર સીટો ખાલી થઇ રહી છે જેમાંથી એક કોંગ્રેસ, એક ભાજપ અને એક જેડીએસ તેમજ એક અપક્ષ છે. વર્તમાન ગણિતની દ્રષ્ટિથી કોંગ્રેસની બે સીટો રહી છે. ત્રીજી સીટ માટે કોંગ્રેસ અને જેડીએસ બંને એકબીજાના સમર્થનની માંગ કરી રહ્યા છે. બીજી બાજુ વર્તમાન વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં જેડીએસ ભાજપનું ખુલ્લી રીતે સમર્થન કરી શકે તેમ નથી. અપક્ષ રાજીવ ચંદ્ર શેખરવાળી સીટ માટે જ્યાં પોતે ચદ્રશેખર પ્રયાસમાં છે. બીજી બાજુ ભાજપે પણ આ સીટ મેળવવાના પ્રયાસ શરૂ કરી દીધા છે. આવી જ રીતે પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ સીપીએમ સાથે વાતચીતમાં વ્યસ્ત છે. એવી શક્યતા છે કે, સીપીએમ આવી શરત ઉપર કોંગ્રેસને સમર્થન આપી શકે છે કે, ઉમેદવાર બંને પાર્ટીના હોવા જોઈએ નહીં.

### આજની વાત...




ભાવનગરની ૭૫+ વર્ષોથી કાર્યરત એવી અનેરી સંસ્થા - શિશુવિહાર જેવી સંસ્થાના સ્થાપક, સ્વ. શ્રી માનભાઇ ભટ્ટ...એમનું જીવનચરિત્ર આલેખ્યું સ્વ. મીરાંબહેન ભટ્ટે...આ પુસ્તકની ૨ લાખ+ (હા,સાવ સાચો આંકડો) નકલો બહાર પડી છે. આ પુસ્તકને હવે ભારતભરમાં ફેલાવવા માટે તેનો હિંદીમાં ભાવાનુવાદ કરવાનું કામ મળ્યું...આનંદ,ગૌરવ અને પ્રસન્નતા...

મારા આ નવા કામના આ તબક્કે જયભાઇ, તમે યાદ યાદ આવો...એટલા માટે કે આ શરું કર્યું ત્યારે-- 'તમને કામ મળી રહેશે'-- એવું ખાત્રીપૂર્વક કહેનારા તમે પહેલાં હતા,એટલું જ નહીં પણ સૌ પ્રથમ બુક સ્વરુપે કામ અપાવનાર પણ તમે જ...તમને યાદ હશે કદાચ,રાજકોટના જ ૧૧ સાયન્સમાં ભણતા નીલ મારડીયાનું નામ...જેણે તમારું નામ આપીને વિશ્વાસે કામ આપ્યું... આભાર જયભાઇ...આંગળી ઝાલીને નહીં, હાથ આપીને સહારો આપ્યો કહેવાય...હાર્દિક સ્પર્શ ...જેણે આ પુસ્તકના પહેલા પ્રકરણના હિંદી ભાવાનુવાદને તપાસી આપ્યો...

કયું હશે મારું ઘર??
જન્મતાની સાથે જ,
હાસ્યના કિલકાટથી ભર્યું મેં ઘર.
ને એ થયું પિયરનું ઘર.
કંકુવર્ણે પગલે ચાલી,
હાથ ને જાત ઘસી દીપાવ્યું મેં ઘર.
ને એ થયું સસરાનું ઘર.
ઉમંગ અને અરમાનોથી
બાળકોની કાલીઘેલી બોલીથી ભરી દીધું ઘર.
ત્યાં તો પતિ કહે, " વાહ, શું સુંદર છે મારું ઘર."
ને એ થયું પતિનું ઘર.
હશે! કદાચ હવે થશે મારું ઘર,
એમ માની મોટા કર્યા સંતાન.
પુત્ર કહે," મમ્મી, તું આવીશ મારે ઘરે?"
ને એ થયું પુત્રનું ઘર.
ચારે અવસ્થામાં વસાવ્યા ચાર ઘર.
છતાં, હવે ક્યારે? ને ક્યું હશે મારું ઘર ???






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.